# બાયડ તાલુકાના ગામેજીના મુવાડા ગામે મકાનની દિવાલ ધરાશયી થતા ચાર વર્ષની બાળકીનું મોત

બાયડ તા.૧૨

બાયડ તાલુકાથી આશરે ૧૫ કી.મી ના અંતરે આવેલ ગામેજીના મુવાડા ખાતે આજે વહેલી સવારે મકાનની દિવાલ ધરાશઈ થતાં એક ચાર વર્ષીય માસુમ બાળકીનુ મોત નીપજયુ હતુ. જયારે ચાર જેટલા ભુલકાઓ ઈજાગ્રસ્ત થયા હતા.

પાડોશીઓને ખબર પડતા તાબડતોબ બધાએ ભેગા મળીને બાળકોને આ ધરાશયી દિવાલ નીચેથી કાઢીને તાત્કાલીક ૧૦૮ ઈમરજન્સી ધ્વારા બાયડની સંજીવની હોસ્પીટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં કિરણબેન ચોહાણને ડોકટરોએ મૃતક જાહેર કરતાં પરિવારજનો પર આભ ફાટી પડયુ હોય તેવી



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર બાયડ તાલુકાના ઈન્દ્રાણ નજીક આવેલ ગામેજીના મુવાડા ગામે આજે વહેલી સવારે મકાનની પાછળ પાંચ જેટલા નાના ભુલકાઓ પોતાના વાડામાં રમતા હતા ત્યારે એકાએક મકાનની દિવાલ ધરાશયી થતાં આ મકાનની દિવાલ નીચે પાંચ જેટલા નાના ભુલકાઓ દિવાલ નીચે દટાઈગયા હતા. ત્યારે આજુબાજુના પરીસ્થીતી સર્જાઈ હતી અને પરીવારજનોના હૈયાફાટ રૂદનથી ઉપસ્થીત સૌની આંખો ભીની ગઈ હતી. જયારે ઘાયલ થયેલા ભુલકાઓમાં કીર્તીબેન ચૌહાણ(ઉમર વર્ષ ૫), કિશનભાઈ ચૌહાણ (ઉમર વર્ષ ૩), સુનીલભાઈ ચૌહાણ (ઉમર વર્ષ ૬), સુહાનીબેન ચૌહાણ (ઉમર વર્ષ ૪), તમામ રહેવાસી ગામેજીના મુવાડાને શરીરના ભાગે ઈજાઓ થઈ હતી.

# બાયડમાં કોગોં ફીવરનો પોઝેટીવ કેસ મળતા ખળભળાટ

બાયડ, તા.૧૨

બાયડ શહેરમાં આજરોજ કોગો ફીવરનો પોઝેટીવ દર્દી મળતા



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આજે આખો દિવસ એનીમલ ડીસ્પેનસરી ગાંધીનગર, અમદાવાદ અને બાયડની ટીમોએ સંયુકત રીતે મળીને આ રોગનો શીકાર બીજુ કોઈ વ્યકતી ના બને તે માટે દવાનો છંટકાવ કરી જરૂરી મેડીકલ ટીપ્સ બાયડ શહેરના રહેવાસીઓને આપી હતી.

બાયડ શહેરમાં ચોઈલા રોડ ગાયો અને ભેંસોને લે-વેચના વ્યાપારની મંડીઓ લાગેલી છે. આ મંડીમાં પંજાબ, યુપી, બિહાર, પટનાના લોકો આવીને અહી ગાયો ભેસો વેચીને પોતાનુ ગુજરાન ચલાવે છે. ત્યારે આ તબેલામાંથી એક તબેલામાં કામ કરતા હીંમતસિંહ યાદવ નામના વ્યકતી છેલલા કેટલાક દિવસથી તાવ અને ઝાડા ઉલટીમાં સપડાયો હતો. જેને બાયડની એક ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો, ત્યાર બાદ તેની તબિયત લથડતા તેને અમદાવાદ ખાતે સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો ત્યાંથી તેનો લોહીના નમુનાને પુનાની લેબોરેટરીમાં મોકલવામાં આવતા ત્યાં કોંગો ફીવર પોઝેટીવ આવતા ખળભળાટ મચી ગયો હતો.

જયારે આ વાતની આરોગ્ય વિભાગ જાણ થતા આજે બાયડ ખાતે એનીમલ ડીસ્પેન્સરીની ટીમો બાયડમાં ઉતરી પડી હતી.

આ રોગ ફેલાવાનુ મુખ્ય કારણ ગાય અને ભેસમાં સામન્ય રીતે જોવા મળતી બગઈને હાથથી મસળી નાખવાથી આ બગઈનુ લોહી શરીરમાંપ્રવેશ કરવાને કારણે આ રોગ ફેલાય છે. જયારે આરોગ્ય વિભાગની ટીમે આજે દવાનો છંટકાવ કરી અને ગાયોના તબેલામાં કામ કરતા માણસોને આ બાબતે યોગ્ય સમજણ આપી અને શા કારણથી આ રોગ ફેલાય છે તેની જાણકારી આપી હતી.

# હરિભાઈ ચૌધરી કેન્દ્રીયમંત્રી બનતા પાલનપુરમાં શાનદાર સ્વાગત : ભાજપ કાર્યકરો આનંદમાં

## પાલનપુર હાઈ-વે સર્કલે આતશબાજી : જગાણા ખાતે ગાર્ડ ઓફ ઓનર






(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના સાંસદ હરિભાઈ ચૌધરીને કેન્દ્રીય પ્રધાન મંડળમાં તાજેતરમાં સામેલ કરવામાં આવ્યા છે અને કેન્દ્રના અતિ મહત્વના એવા ગૃહ રાજયમંત્રીનો વિભાગ આપવામાં આવતા તેમના શુભેચ્છકોમાં આનંદ જોવા મળ્યો હતો. કેન્દ્રીય મંત્રી બન્યા બાદ પ્રથમવાર પોતાના વતન આવતા હરિભાઈ ચૌધરીનું પાલનપુર હાઈ-વે સર્કલ પર ભવ્ય આતશબાજી કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી બન્યા બાદ હરિભાઈ નવી દિલ્હીથી સીધાજ હવાઈ માર્ગે આજે અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં પ્રદેશ ભાજપના હોદ્દેદારો અને આગેવાનોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. બાદમાં સડક માર્ગે તેઓ પોલીસ કાફલા સાથે સિદ્ધપુર પાસેના મેત્રાણા મંદિર દર્શન કરી તેમના વતન જગાણા ખાતે પહોંચ્યા હતા. જ્યાં ભાજપના આગેવાનો શુભેચ્છકો અને પરિવારજનોએ સ્વાગત કર્યુ હતુ. શુભેચ્છકોની મુલાકાત લઈ તેઓ પાલનપુર ખાતે યોજાનાર જિલ્લા ભાજપના સત્કાર સમારોહમાં આવી પહોંચ્યા હતા. જ્યાં જિલ્લાના હજારો કાર્યકરોએ તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મંત્રી રમણભાઈ વોરા, શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ સહિત અનેક ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા.

# મોડાસામાં પ્રજ્ઞાચક્ષુઓ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ

મોડાસા, તા. ૧૨

સમગ્ર ભારતદેશમાં ક્રિકેટને એક ધર્મ તરીકે અને ક્રિકેટરોને ભગવાન તરીકે જોવામાં આવે છે. દેશના લોકો ક્રિકેટ રમત માટે ખૂબ



(તસવીર : જય અમીન, મોડાસા)



જ જનૂની અને નશામય બની જાય છે. આવા ક્રિકેટના નશામાં દરેક ઉંમરના યુવાનો, વડીલો, બાળકો તેમજ વૃદ્ધો સાથે સાથે આજની મહિલાઓ પણ ખૂબ જ ઉત્સાહ દાખવે છે. ભગવાને આપેલા અભિશાપને એક પડકાર ગણી દુનિયામાં માનભેર જીવતા પ્રજ્ઞાચક્ષુઓ પણ ક્રિકેટના નશાથી દૂર નથી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મ.લા. ગાંધી કોલેજ મેદાન ખાતે ખેલમહાકુંભ ૨૦૧૪ ઉત્તર ગુજરાત અંદજન ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુનિયર પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુનિયર પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમ (૧૮ વર્ષની નીચે) અને સિનીયર પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી સાબરકાંઠા અરવલ્લી જિલ્લાની ૨ ટીમો બનાસકાંઠાની ૨ ટીમો અને કચ્છની એક ટીમ એમ કુલ પાંચ ટીમોએ આ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. આ ઉત્તર ગુજરાત ખેલમહાકુંભ ટૂર્નામેન્ટમાં ભાગ લીધો હતો. આ ઉત્તર ગુજરાત ખેલમહાકુંભ ટૂર્નામેન્ટને લાયન્સ કલબ પ્રમુખ પ્રવીણભાઈએ દિપ પ્રાગટ્ય કરી ક્રિકેટ રમતની શુભ શરૂઆત કરાવેલ હતી. જુનિયર ક્રિકેટનો મુકાબલો એમે. મહેતા ક્રિકેટ ટીમ પાલનપુર અને એન.બી. શાહ જી. શાહ ઈડર વચ્ચે મેચ યોજાઈ હતી. જેમાં પાલનપુર જુનિયર ક્રિકેટ ટીમ વિજેતા થઈ હતી. જ્યારે બીજી તરફ સાબરકાંઠા અને કચ્છ ટીમ વચ્ચે રોમાચંક ફાઈનલ મુકાબલો થયો હતો. જેમાં સાબરકાંઠાની ટીમ બાજી મારી વિજેતા થઈ હતી. જેમાં વિકાસ પટેલ મેન ઓફ ધી મેચ બન્યો હતો. ફાઈનલ વિજેતા ટીમને લાયન્સ પરિવાર પ્રવીણ પરમાર દ્વારા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. જુનિયર ટીમમાં મેન ઓફ ધ મેચ રાજકુમાર રાવલને ટ્રોફી આપવામાં આવી હતી. તેમજ ભાગ લેનાર તમામ ટીમના ખેલાડીઓને પમ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. સરકાર દ્વારા ક્રિકેટરોને ખુબજ મોટા પ્રમાણમાં ઈનામ તેમજ વિવિધ એવોર્ડથી નવાજવામાં આવે છે. પરંતુ આવા પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટરોને પણ તેમનામાં રહેલી પ્રબળ શક્તિ બહાર લાવીપ્રોત્સાહીત કરવાની ભાવનાની મોડાસાના શહેરીજનોએ ખુબ જ સરાહના કરી હતી. પ્રજ્ઞાચક્ષુઓને ક્રિકેટ મેચ રમતા જોવા એ પણ ખુબ જ મહત્વની ઘટના છે.

## ખેડબ્રહ્મા અને પોશીના સ્વામીનારાયણ મંદિરમાં ઉદઘોષ સભા યોજાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તથા પોશીનાના બીએપીએ સંચાલિત સ્વામીનારાયણ મંદિરોમાં ગુરૂજયંતિ પર્વની ઉજવણીના સંદર્ભે પ્રમુખસ્વામી જન્મ જયંતિ ઉદઘોષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાઓ મંગળવાર અને બુધવારે એમ બે દિવસ મહંતસ્વામીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. શાસ્ત્રીજી મહારાજ સાધ્ય શતાબ્દિ ઉપલક્ષમાં સ્વામીનારાયણ મંદિરોમાં ભવ્ય ઉત્સવોનું આયોજન થઈ રહ્યું છે. ખેડબ્રહ્મા ખાતે યોજાયેલ ઉદ્‌ઘોષ સભામાં ૧૫૦૦ કરતાં વધુ અને પોશીનાની સભામો ૫૦૦૦ કરતા વધુ હરીભક્તોએ પૂ. મહંતસ્વામીની વાણીનો લાભ લીધો હતો. તેમ ખેડબ્રહ્માના સંદીપભાઈ એ. જોષીએ જણાવ્યું હતુ.

# ગુજરાત ચિલ્ડ્રન કમિશને બનાસકાંઠાની મુલાકાત લીધી

પાલનપુર, તા. ૧૨

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર આજથી બે દિવસ માટે બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે આવ્યું છે. આજ તા. ૧૧ નવેમ્બરના રોજ ગુજરાત ચિલ્ડ્રન કમિશનના ચેરપર્સનશ્રી ડૉ. રામેશ્વરીબેન પંડ્યાની આગેવાનીમાં કમિશનના સભ્યો સર્વશ્રી નયનાબેન રામાણી, મધુબેન સેનમા અને જીજ્ઞાબેન પંડ્યાએ દાંતા તાલુકાના અંતરિયાળ ગામોની સ્કૂલ અને આંગણવાડીની મુલાકાત લીધી હતી અને ત્યાં અભ્યાસ કરતાં બાળકોને મળી તેમને શું શું સવલતો મળે છે. અને અભ્યાસમાં કઈ કઈ તકલીફો પડે છે તેના વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી.

કમિશને સૌ પ્રથમ દાંતા પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો સાથે પોલીસ દ્વારા કેવી રીતે કાર્યવાહી કરવામાં આવે છે. બાળકો ગુમ થયા હોય તો તેમનું અલગ રજીસ્ટર નિભાવવામાં આવે છે કે કેમ, છેલ્લા એક વર્ષમાં દાંતા તાલુકામાંથી કેટલાં બાળકો ગુમ થયા છે અને ગુમ થયેલા બાળકોના ફોટા સાથેનો રેકોર્ડ સ્કેન કરી રાખવામાં આવે છે કે કેમ તેવી વિગતવાર પૂછપરછ કરી હતી.

અંબાજી આંગણવાડી નં. ૫ ની મુલાકાત લઈ તે આંગણવાડીમાં કેટલાં બાળકો નિયમિત આવે છે. તેમાંથી કુપોષિત અને અતિકુપોષિત બાળકો કેટલાં છે. બાળકોને નિયમિત નાસ્તમાં શુંશું આપવામાં આવે છે. તેમનું વજન અને ઉંચાઈ ઉંમર પ્રમાણે બરાબર છે કે કેમ જેવા વિવિધ પ્રશ્નો પુછી વિગતવાર માહિતી મેળવી હતી. તથા આંગવાડીઓમાં સફાઈ વ્યવસ્થા સુંદર રીતે જળવાય તે માટે કમિશને આંગણવાડી કાર્યકર બહેનોને સુચના આપી હતી.

દાંતા તાલુકાના અંતરિયાળ ગામ પીઠ પ્રાથમિક શાળા અને ગઢમહુડી તથા રાણપુર-આંબા એકલવ્ય ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કૂલની મુલાકાત લઈ શાળામાં એસ.એમ.સી. કમિટી નિયમિત મળે છે કે નહી, બાળકોને મધ્યાહ્‌ન ભોજનમાં મેનુંપ્રમાણે ભોજન આપવામાં આવે છે તેની ચકાસણી કરી હતી. કમિશનના સભ્યોએ શાળાના બાળકો સાથે વાર્તાલાપ કરી તેમને કોઈ મુંઝવણ કે મુશ્કેલી હોય તો તેના વિશે પણ પૂછપરછ કરી હતી. શાળાના વર્ગખંડો, લાઈબ્રેરી, હોસ્ટેલ, ટોયલેટ અને રસોડાની તપાસ કરી હતી.

કમિશનના પ્રવાસ કાર્યક્રમમાં નાયબ પોલીસ અધિક્ષક એન.એસ. નિનામા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પી.એન. નિનામા, મુખ્ય જિલ્લા અધિકારી અરૂણ આચાર્ય, આઈ.સી.એસ.પ્રોગ્રામ ઓફિસર સુશ્રી આરતી દવે, પ્રા. શિક્ષણાધિકારી હર્ષદભાઈ રાવલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી એન.વી. મેણાત સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાલનપુર મુકામે જિલ્લાના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ

પાલનપુર મુકામે કલેક્ટર કચેરી ખાતે ગુજરાત સિલ્ડ્રન કમિશનના ચેરપર્સનશ્રી ડૉ. રામેશ્વરીબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં શાળામાં સફાઈ અને શૌચાલયની સ્વચ્છતા, એસ.એમ.સી. કમિટીની નિયમિત બેઠક બોલાવવી.

# ખેડબ્રહ્મા પોસ્ટ ઓફિસની ઢીલી કામગીરી સામે પ્રજામાં રોષ

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્માની પોસ્ટ ઓફીસ સવારે સમયસર શરૂ થતી ન હોવાના કારણે લોકોને બેસી રહેવાનો વારો આવતાં લોકોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

ખેડબ્રહ્મા સીનીયર સીટીજન મંડળના પ્રમુખ કીર્તીકુમાર યુ. જોષી, જે.એમ. પ્રજાપતિ, કનુભાઈ વી. પટેલ તથા એમ.બી. પ્રજાપતિના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા પોસ્ટ ઓફીસનો સમય સવારે ૯.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ વાગ્યા સુધીનો છે, પણ પોસ્ટના કર્મચારીઓ સમયસર ઓફીસમાં આવતા ન હોવાની બુમ ઉઠવા પામી છે. પોસ્ટની કામગીરી સમયસર શરૂ થતી ન હોવાથી લોકોને બેસી રહેવુ પડે છે. પોસ્ટ દ્વારા નાગરીકો માટે વીજળી બીલ સ્વીકારવા, સ્ટેમ્પ આપવા, ટેલીફોન બીલ સ્વીકારવા સહીતની તમામ સુવિધાઓનો લોકો દ્વારા બહોળો ઉપયોગ કરવામાં આવે છે, પણ કર્મચારીઓની બેદરકારીના કારણે ગ્રાહકો અનો લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તેથી પોસ્ટની કામગીરી સમયસર શરૂ થાય તે માટે લોકોએ લેખિતમાં રજુઆત કરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦